# ટ્રાન્સમિશન લાઇનના વળતર અંગે ચિંતા

**સોમવારે** મરોલીનો કોળી સમાજની વાડીમાં ખેડૂતોની બેઠક

**સરકારની** નવી માર્ગદર્શિકા અને બજારભાવ વચ્ચેના તફાવતનું મંથન થશે

નવસારીઃ ટ્રાન્સમિશન લાઈન માટે ખેડૂતોની જમીન અને ખેતીને અસર પહોંચે છે ત્યારે મળતા નુકસાન વળતર અંગે ગુજરાત સરકારની નવી માર્ગદર્શિકા બાદ નવસારી જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોમાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. તા. 4 જુલાઈ, 2026ની નવી માર્ગદર્શિકાથી બદલાયેલી પરિસ્થિતિમાં ખેડૂતોને વળતર કઈ રીતે અને કયા માપદંડથી મળવાનું છે, તેનું મૂલ્યાંકન કોણ કરશે અને જમીનના બજારભાવને વળતર પ્રક્રિયામાં કેટલું મહત્વ મળશે–આ સહિતના સવાલો હવે ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે.

આ મુદ્દે સોમવાર, તા. 31 ઓગસ્ટે સવારે 9:30 કલાકે મરોલી કોળી સમાજની વાડી ખાતે અસરગ્રસ્ત ખેડૂતોની તાકીદની બેઠક યોજાવાની છે. બેઠકમાં માત્ર ફરિયાદો રજૂ કરવાને બદલે નવી માર્ગદર્શિકાની અસર, તેના અમલમાં આવતી વ્યવહારુ મુશ્કેલીઓ અને ખેડૂતોના હિતમાં જરૂરી ફેરફારો અંગે વિગતવાર વિચારણા કરવામાં આવશે.

ખાસ કરીને માર્કેટ રેટ કમિટીમાં ખેડૂત પ્રતિનિધિની નિમણૂક અને પેનલ પરના વેલ્યુઅરની નિમણૂક જેવા મુદ્દાઓ મહત્વના બન્યા છે. જમીનના વાસ્તવિક બજારભાવ અને સત્તાવાર મૂલ્યાંકન વચ્ચેનો તફાવત ખેડૂતોના વળતર પર કેવી અસર કરે છે, મૂલ્યાંકનની પ્રક્રિયા કેટલી પારદર્શક છે અને અસરગ્રસ્ત ખેડૂતને પોતાના વાંધા કે દાવા રજૂ કરવાની કેટલી તક મળે છે–તે અંગે પણ ચર્ચા થવાની છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લામાં જુદી જુદી વીજલાઈન મુદ્દે અગાઉ દેખાવો થઇ ચૂક્યા છે. અહીંના ખેડૂતો પણ વારંવાર વિરોધ કરી ચૂક્યા છે. ત્યારે હવે મરોલીની મિટીંગ પર સૌની નજર રહેશે.



### બેઠકમાં આ લાઇનના પ્રશ્નો ઉઠાવાશે

ઉભરાટ-દમણ
ઉભરાટ-પડઘે (નવી મુંબઈ)
વટામણ-ઉભરાટ
દક્ષિણ ઓલપાડ-પાલઘર
ચીખલી-ખેરગામ વિસ્તાર
નવી રિલાયન્સ-ઉભરાટ-હજીરા
જેટકોની ઉભરાટ-તલંગપોર

### ગુજરાતની ટ્રાન્સમિશન લાઇનના વળતર અંગે નવી માર્ગદર્શિકા - 2026

1 અગાઉ વળતરની ગણતરી મુખ્યત્વે જંત્રીના 200% ના આધારે થતી હતી. હવે જમીનનો પ્રચલિત બજારભાવ નક્કી કરવામાં આવશે અને તેના આધારે વળતર ચૂકવાશે.
2. ટાવર ઉભો થાય તે જમીન માટે MRC દ્વારા નક્કી કરાયેલા બજારભાવના 200% જેટલું વળતર મળશે. ટાવરના વાસ્તવિક પાયાના વિસ્તાર ઉપરાંત ચારેય બાજુ 1 મીટર વધારાનો વિસ્તાર પણ વળતર માટે ગણવામાં આવશે.
3. લાઇન પસાર થતી RoW જમીન માટે ગ્રામ્ય વિસ્તાર બજારભાવના 30% નગરપાલિકા/નોટિફાઇડ અર્બન પ્લાનિંગ/નગર પંચાયત વિસ્તારમાં 45% અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં 60% વળતર અપાશે
4 જમીનનો વાસ્તવિક બજારભાવ નક્કી કરવા માટે માર્કેટ રેટ કમિટી (MRC) રચાશે. તેમાં જિલ્લા કલેક્ટર, અસરગ્રસ્ત જમીનમાલિકો/ખેડૂતોના પ્રતિનિધિઓ અને ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઇડરના પ્રતિનિધિઓ સામેલ રહેશે.
5 જૂની પદ્ધતિમાં 40% વળતર ફાઉન્ડેશન વખતે, 40% ટાવર ઉભો કરતી વખતે અને 20% વાયર સ્ટ્રિંગિંગ બાદ ચૂકવાતું હતું. હવે નવી નીતિમાં 100% વળતર એકસાથે અને કામ શરૂ થાય તે પહેલાં ચૂકવવાની જોગવાઈ છે.

### વળતર સંબંધિત અન્ય મુદ્દાઓ રજૂ કરી શકાશે

નવી ગાઇડલાઇન બાદ ખેડૂતોના હિતમાં કયા ફેરફારો જરૂરી છે અને સરકાર સમક્ષ કયા તથ્યો સાથે રજૂઆત કરવી જોઈએ, તે અંગે સભામાં સૂચનો મેળવવામાં આવશે. આ ઉપરાંત વળતર સંબંધિત અન્ય મુદ્દાઓ પણ રજૂ કરી શકાશે. બેઠકમાં થયેલી ચર્ચાના આધારે આગામી રજૂઆત અને કાર્યવાહી માટેની દિશા નક્કી કરવામાં આવશે. અસરગ્રસ્ત ખેડૂતોને પોતાના દસ્તાવેજો, પ્રશ્નો અને સૂચનો સાથે ઉપસ્થિત રહેવા કન્વીનર દિલીપભાઈ રાયકા દ્વારા જણાવાયું છે.

# ગુજરાતમાં દેશનો પ્રથમ સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ શરૂ કરાશે

**હવે** રમતવીરોની પ્રતિભા ડીએનએથી શોધાશે, સેમ્પલ લેવાની શરૂઆત

ગાંધીનગરઃ ગુજરાતે રમતગમત ક્ષેત્રે પ્રતિભા શોધવાની પરંપરાગત પદ્ધતિથી એક ડગલું આગળ વધીને હવે વિજ્ઞાન અને આનુવંશિકતાના આધારે રમતવીરોની ક્ષમતા ઓળખવાની નવી પહેલ શરૂ કરી છે. રાષ્ટ્રીય રમતગમત દિવસની પૂર્વસંધ્યાએ ગુજરાતે દેશનો પ્રથમ 'સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ' શરૂ કર્યો છે, જેના અંતર્ગત રમતવીરોના ડીએનએના અભ્યાસ માટે સેમ્પલ લેવાની શરૂઆત થઈ ગઈ છે. આ કાર્યક્રમ હેઠળ રમતવીરોની આનુવંશિક, શારીરિક અને રમતગમતના પ્રદર્શન સાથે સંકળાયેલી માહિતીને એકત્ર કરીને ગુજરાત એથ્લીટ જીનોમ ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે. વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ દાવો કર્યો હતો કે સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

### ટેનિસ ખેલાડીઓથી સેમ્પલ લેવાની શરૂઆત

ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિકોએ વિવિધ રમતોના રમતવીરોના સેમ્પલ એકત્ર કરવાનું શરૂ કરી દીધું છે. પ્રથમ તબક્કામાં ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશનના ટેનિસ ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. આગામી તબક્કામાં તીરંદાજી, ફેન્સિંગ, જુડો અને શૂટિંગના રમતવીરોના સેમ્પલ લેવાનું આયોજન છે. ચાલુ વર્ષે ૨,૦૦૦ સેમ્પલ એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવાનો લક્ષ્યાંક છે, જ્યારે આગામી પાંચ વર્ષમાં કુલ ૧૦,૦૦૦ સેમ્પલ એકત્ર કરવાની યોજના છે.

### કયા ખેલાડીઓમાં શોધાશે 'ખેલ જીન'?

સ્પોર્ટ્સ જીનોમિક્સ હેઠળ એથ્લેટિક્સ, સ્વિમિંગ, બોક્સિંગ, કુસ્તી, જુડો, તાઈક્વોન્ડો, જિમ્નાસ્ટિક્સ અને ફેન્સિંગ સહિતની રમતોનો સમાવેશ કરાયો છે. ફૂટબોલ, હોકી, હેન્ડબોલ, વોલીબોલ અને બાસ્કેટબોલ જેવી ટીમ રમતો ઉપરાંત બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ટેનિસ, કબડ્ડી અને ખો-ખો જેવી રમતોના ખેલાડીઓ પણ આવરી લેવાશે. તીરંદાજી, શૂટિંગ અને ચેસ જેવી ચોકસાઈ તથા કૌશલ્ય આધારિત રમતોને પણ તેમાં સમાવેશ કરાયો છે. વિવિધ વયજૂથના ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવશે. તેમાં ૧૪ વર્ષથી ઓછી વયના, ૧૪થી ૧૮ વર્ષથી ઓછી વયના અને ૧૮ વર્ષથી વધુ વયના ખેલાડીઓનો સમાવેશ થશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના ચેમ્પિયન ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

# નેપાળની જળહોનારતમાં ગુજરાતના ગુમ યાત્રાળુની સંખ્યા વધીને ૨૪

**કૈલાસ** માન સરોવર યાત્રાએ ગયેલા મોટાભાગના યાત્રાળુઓ રસુવાગઢી-કેરુંગ બોર્ડર અને ભોટે કોશી વિસ્તારમાં સંપર્કવિહોણો

### એક રાહતના સમાચાર

લાપતા યાત્રાળુઓ અંગે ચિંતા વચ્ચે વલસાડની રોમા દિલીપભાઈ ઈંટવાળા નેપાળમાં સુરક્ષિત હોવાનું વલસાડ મામલતદાર દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. ઉપરાંત કૈલાસ માનસરોવર યાત્રાએ ગયેલા કચ્છના ભુજ અને મુંબઈના ૬૮ યાત્રાળુઓનું એક જૂથ પણ સલામત હોવાનું જાણવા મળ્યું છે. આ યાત્રાળુઓ કુદરતી આફત સર્જાય તે પહેલાં જ સરહદ પાર કરીને તિબેટના સાગા શહેરમાં પહોંચી ગયા હતા.

ગાંધીનગરઃ નેપાળ-તિબેટ સરહદે આવેલા ભયાનક ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલનની કુદરતી આફતમાં ગુજરાતના યાત્રાળુઓ પણ સપડાયા છે. કૈલાસ માનસરોવર યાત્રા તથા અન્ય પ્રવાસે ગયેલા ગુજરાતના ૨૪ નાગરિકો ગુમ અથવા સંપર્કવિહોણા બન્યા છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આજે બપોરે ૧૨.૫૪ વાગ્યા સુધીની જાહેર કરાયેલી સત્તાવાર માહિતી મુજબ અમદાવાદના પાંચ, આણંદના ચાર, ગાંધીનગરના ચાર, ખેડાના ચાર, સુરતના ત્રણ, અમરેલીના બે અને રાજકોટના એક નાગરિકનો સમાવેશ થાય છે. ગુમ થયેલા લોકોમાં અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં વસતા મૂળ ગુજરાતીઓ પણ સામેલ છે.

ટેલિકોમ નેટવર્ક ઠપ્પ થતાં છેલ્લા ૨૪થી ૪૮ કલાકથી અનેક યાત્રાળુઓ સાથે સંપર્ક થઈ શક્યો નથી. રાજ્ય નિયામક તથા એસઈઓસી-ડીઈઓસીના કંટ્રોલ રૂમમાં પરિવારજનો દ્વારા નોંધાવવામાં આવેલી વિગતોના આધારે આ ૨૪ નાગરિકોની ભાળ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરતના ત્રણ નાગરિકોમાં પરેશભાઈ નટવરલાલ પટેલ, જ્યોતિબેન પરેશભાઈ પટેલ અને મીનાક્ષીબેન સંજયભાઈ રમણીનો સમાવેશ થાય છે. પરિવારજનોના જણાવ્યા મુજબ પરેશભાઈ અને જ્યોતિબેન અમેરિકા તથા મીનાક્ષીબેન મુંબઈથી નેપાળ ગયા હતા. ૨૩ ઓગસ્ટે પરિવાર સાથે છેલ્લી વાત થયા બાદ તેઓ કૈલાસ માનસરોવર તરફ જવા નીકળ્યા હતા.

# વિદ્યાર્થિનીને હેરાન કરવા મુદ્દે સ્મીમેરમાં MBBS વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી

**વિદ્યાર્થિનીની** કનડગતની જાણ સાથી વિદ્યાર્થીઓને થતાં મામલો વકર્યો

**જૂની** માથાકૂટ બાબતે પણ મનદુઃખ હતું જ અને જાહેરમાં વિદ્યાર્થીને માર મરાયો, વિડીયો વાઈરલ

### મારામારીમાં સંડોવાયેલા તમામ પાસેથી માફીપત્ર લખાવી ચેતવણી અપાઈ

સ્મીમેર મેડિકલ કોલેજના ડીન ડો. દીપક હોવલે જણાવ્યું હતું કે, મારામારીનો વીડિયો ધ્યાનમાં આવતાં જ કોલેજ પ્રશાસન દ્વારા તાત્કાલિક ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટીએ આંતરિક તપાસ હાથ ધરી હતી. તપાસ બાદ મારામારીમાં સંડોવાયેલા તમામ વિદ્યાર્થીઓને બોલાવી લેખિતમાં માફીપત્ર લેવામાં આવ્યું છે.

સુરતઃ સ્મીમેર મેડિકલ કોલેજના કેમ્પસમાં એમબીબીએસના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી ઉગ્ર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં તબીબી અને શિક્ષણ જગતમાં ચકચાર મચી ગઈ છે. ભવિષ્યના તબીબો જ જાહેરમાં એકબીજા સાથે બાખડતા જોવા મળતા આ વીડિયોએ કોલેજની શિસ્ત સામે પણ સવાલો ઊભા કર્યા છે.

સ્મીમેર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી એક એમબીબીએસ વિદ્યાર્થિનીને એક વિદ્યાર્થી યુવાન દ્વારા છેલ્લા કેટલાક સમયથી હેરાન-પરેશાન કરવામાં આવતી હતી. વિદ્યાર્થિનીની કનડગતની જાણ તેના સાથી વિદ્યાર્થીઓને થતાં તેઓમાં રોષ ફાટી નીકળ્યો હતો.

બીજી તરફ, આ તમામ વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે જૂનું મનદુઃખ પણ હતું. જે વાતને મનમાં લઈને હોસ્ટેલની બહાર બંને જૂથના વિદ્યાર્થીઓ સામસામે આવી જતાં મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ એક વિદ્યાર્થીને જાહેરમાં માર માર્યો હતો. ઘટનાના દૃશ્યો ત્યાં હાજર અન્ય લોકોએ મોબાઈલમાં કેદ કરી લીધા હતા અને ત્યારબાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જોકે, આ સમગ્ર ઘટનામાં વિદ્યાર્થિનીની કનડગતના આક્ષેપો અંગે સત્તાવાર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી. પ્રાથમિક તપાસમાં વિદ્યાર્થીઓ વચ્ચે સામાન્ય બાબતમાં ઉગ્ર બોલાચાલી બાદ ઝઘડો થયો હોવાનું સામે આવ્યું છે.

# CSની ડિસે. સત્રની પરીક્ષા 21થી 28 ડિસે.એ યોજાશે, રજિ. શરૂ

**૨૫ સપ્ટેમ્બર** સુધી લેઇટ ફી વગર ફોર્મ ભરી શકાશે

**૨૬ સપ્ટેમ્બરથી** ૧૦ ઓક્ટોબર સુધી રૂ.૨૫૦ લેઇટ ફી સાથે અરજીની તક

સુરતઃ ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) દ્વારા ડિસેમ્બર-૨૦૨૬ સત્રની કંપની સેક્રેટરી એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ પ્રોગ્રામની પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. ડિસેમ્બર સત્રની પરીક્ષાઓ ૨૧થી ૨૮ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. પરીક્ષાર્થીઓ માટે લેઈટ ફી વગર ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૫ સપ્ટેમ્બર રાખવામાં આવી છે. ત્યારબાદ ૨૬ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર સુધી રૂ.૨૫૦ની લેઈટ ફી સાથે ઓનલાઈન અરજી કરી શકાશે. ICSIના કાર્યક્રમ મુજબ, એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ માટે ગ્રૂપ દીઠ રૂ.૧,૫૦૦, જ્યારે પ્રોફેશનલ પ્રોગ્રામ માટે ગ્રૂપ દીઠ રૂ.૧,૮૦૦ પરીક્ષા ફી રહેશે. પરીક્ષા કેન્દ્ર, ગ્રૂપ, માધ્યમ અથવા વૈકલ્પિક વિષયમાં ફેરફાર કરવા તથા વધારાનું ગ્રૂપ ઉમેરવા માટે રૂ.૨૫૦ ચાર્જ ચૂકવવો પડશે. દુબઈ પરીક્ષા કેન્દ્ર પસંદ કરનારા વિદ્યાર્થીઓ માટે ૧૦૦ અમેરિકન ડોલરનો સરચાર્જ લાગુ પડશે. પરીક્ષામાં બેસવા માટે ઉમેદવારોએ ઓનલાઈન પ્રી-એક્ઝામિનેશન ટેસ્ટ પૂર્ણ કરેલો હોવો જરૂરી છે. ઉપરાંત, એક્ઝિક્યુટિવ પ્રોગ્રામના વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત સમયમર્યાદામાં ODOP/TDOP ઓરિએન્ટેશન પ્રોગ્રામ પૂર્ણ કરવો ફરજિયાત રહેશે. પરીક્ષા અંગ્રેજી અથવા હિન્દી માધ્યમમાં આપી શકાશે. વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન અને પરીક્ષા સંબંધિત વધુ માહિતી માટે ICSIની સત્તાવાર વેબસાઈટ smash.icsi.edu અને icsi.edu પર વિગતો મેળવી શકશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### નિધિના હત્યારાઓને...

પટેલની લૂંટના ઈરાદે કરવામાં આવેલી ઘાતકી અને કરપીણ હત્યાની ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી મૂક્યો છે. પોલીસ પણ પાંચ-પાંચ દિવસથી હત્યારાઓને શોધી નહીં શકતાં આ જઘન્ય હત્યાકાંડ અંગે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પીડિત પરિવારને સત્વરે ન્યાય અપાવી નરાધમ હત્યારાઓને ફાંસીના માંચડે લટકાવવાની બુલંદ માંગ સાથે કોળી સમાજે હવે આરપારની લડાઈનું એલાન કર્યું છે. આ લોહિયાળ ઘટનાના સખત વિરોધમાં 'એકતા અમારી શક્તિ - ન્યાય અમારી માંગ'ના નારા સાથે આગામી ૨૯ ઓગસ્ટના રોજ સાંજે ૫:૦૦ કલાકે ગોદાવાડી ગામ ખાતે વિશાળ જનસંમેલનની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સમાજના હજારો લોકો ઉમટી પડી પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવશે.

ઉલ્લેખનીય છે કે, એક આશાસ્પદ યુવતી નિધિ પટેલની હત્યા છતાં પણ સુરત જિલ્લા પોલીસના ઉચ્ચ અને સ્થાનિક અધિકારીઓ નબળા પૂરવાર થઈ રહ્યા છે. પોલીસને એ સુરાગ પણ મળતો નથી કે હત્યારા કોણ હતા? કેવી રીતે આવ્યા? નિધિ પટેલના નંબર પર કોના કોના ફોન આવ્યા? નિધિ ઘરમાં એકલી છે તેવું જાણતી કોણ વ્યક્તિ હતી?. સુરત જિલ્લા પોલીસની તમામ બ્રાંચ ખાલી ફાંકા ફોજદારી કરી રહી હોય તેવો સિનારીયો આ હત્યાની ઘટનામાં સર્જાયો છે અને તેને કારણે જ હવે ખુદ કોળી સમાજે મેદાનમાં ઉતરવું પડ્યું છે.

### પોલીસ સામે સમાજ...

સહિતના અગ્રણીઓએ શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. પોલીસ-પ્રશાસનની ઢીલી નીતિ સામે લાલઘૂમ થયેલા આગેવાનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, આગામી સોમવારે વિશાળ જનમેદની સાથે રેલી યોજી માંડવી પ્રાંત અધિકારી તેમજ ડીવાયએસપીને આવેદનપત્ર પાઠવવામાં આવશે. જો હત્યારાઓને તાત્કાલિક જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, તો સમગ્ર પંથકમાં 'ચક્કાજામ' આંદોલન છેડી કલેક્ટર કચેરી સામે અચોક્કસ મુદતના ધરણાં યોજવામાં આવશે.

### 80 જવાનોને કામે...

હોવાના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. અનેક શંકાસ્પદોની પૂછપરછ છતાં પોલીસના હાથ હજુ ખાલી છે અને તપાસ અંધારામાં ફાંફા મારી રહી છે. પોલીસની આ પરિણામશૂન્ય કામગીરી અને નિષ્ક્રિયતા સામે લોકોમાં તીવ્ર અસંતોષ ફેલાયો છે. જ્યાં સુધી હત્યારાઓ પકડાઈને તેમને કડકમાં કડક સજા નહીં થાય ત્યાં સુધી આ લડત કોઈપણ ભોગે નહીં અટકે તેવો મક્કમ નિર્ધાર સમાજે વ્યક્ત કર્યો છે.

### મૂળ સુરતના...

આવેલા વિનાશક પૂરની અસર નેપાળ સુધી પહોંચી હતી. આ હોનારતમાં નેપાળના અનેક વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ છે અને ગુજરાતના 24 લોકો પણ ગુમ હોવાની માહિતી સામે આવી છે. આ સમગ્ર દુર્ઘટનામાં ચીન-નેપાળ સરહદ પર આવેલી ઈમિગ્રેશન ઓફિસ અને તેને જોડતા ફ્રેન્ડશિપ બ્રિજનો નાશ સૌથી વધુ ચર્ચામાં છે. આજે આ સ્થળે ઈમારતો કે રસ્તાઓ નહીં, પરંતુ માત્ર કાટમાળ અને તૂટેલા માર્ગોના અવશેષો જ નજરે પડી રહ્યા છે. આ જ ફ્રેન્ડશિપ બ્રિજ પર પૂર આવવાના થોડા કલાક પહેલાં જ મૂળ સુરતના અને છેલ્લા 15 વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા પાટીદાર દંપતી પરેશ પટેલ અને જ્યોતિબેન પટેલે તસવીર પડાવી હતી. હવે આ તસવીર તેમના પરિવાર માટે માત્ર એક ફોટો નહીં, પરંતુ તેમના ગુમ થયા પહેલાંની અંતિમ તસવીર બની ગઈ છે.નેપાળ-ચીન બોર્ડર પર આવેલી ઈમિગ્રેશન ઓફિસ પૂરનાં પાણીની ઝપેટમાં આવી હતી. ઘટનાના વીડિયોમાં ઈમિગ્રેશન કોમ્પ્લેક્સની ઈમારત પાણીના પ્રચંડ પ્રવાહમાં ગણતરીની સેકન્ડોમાં ધ્વસ્ત થતી જોવા મળે છે. મોટી સંખ્યામાં લોકો પણ આ અચાનક આવેલા પૂરમાં ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના બની તેના થોડા સમય પહેલાં જ 58 વર્ષીય પરેશ પટેલ અને તેમના 54 વર્ષીય પત્ની જ્યોતિબેન પટેલે ઈમિગ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી ફ્રેન્ડશિપ બ્રિજ પર તસવીર ખેંચાવી હતી. તસવીરની પાછળ ઈમિગ્રેશન કોમ્પ્લેક્સ પણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. થોડા કલાકો બાદ આ જ વિસ્તાર પૂરનાં પાણીમાં ધોવાઈ જતાં હવે આ તસવીર તેમના પરિવાર માટે સૌથી મહત્વની કડી બની છે.

### માનસરોવર યાત્રા...

મીનાક્ષીબેન ત્રણેય માનસરોવર તરફની યાત્રા માટે રવાના થયા હતા. જોકે, 26 ઓગસ્ટની વિનાશક કુદરતી આફત બાદ ત્રણેયનો પરિવારજનો સાથેનો સંપર્ક તૂટી ગયો છે.

### સુરતમાં પરિવારજનોની...

ટીમો દ્વારા તાત્કાલિક શોધખોળ હાથ ધરવામાં આવે અને ત્રણેય યાત્રીઓને હેમખેમ શોધી સુરક્ષિત પરત લાવવામાં આવે.

# નાણાપંચની ગ્રાન્ટ મેળવવા પંચાયતોએ વિકાસનો રોડમેપ બનાવવો પડશે

**સરપંચના** અધ્યક્ષ સ્થાને પંચાયત આયોજન સમિતિ બનશે, ગ્રામસભાની મંજૂરી બાદ જ ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર અપલોડ થશે વિકાસ પ્લાન

સુરતઃ રાજ્યના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે ૧૬મા નાણાપંચ હેઠળ મળતી ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટના વપરાશ માટે નવી ઓપરેશનલ ગાઈડલાઈન જાહેર કરતાં ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની પ્રક્રિયાને ફરજિયાત બનાવી છે.

નવી વ્યવસ્થા હેઠળ દરેક ગ્રામ પંચાયતે સરપંચના અધ્યક્ષ સ્થાને પંચાયત આયોજન સમિતિની રચના કરીને આગામી વિકાસ કાર્યોનું આયોજન કરવું પડશે. તૈયાર કરાયેલા પ્લાનને સીધો અમલમાં મૂકવાને બદલે પ્રથમ ગ્રામસભામાં રજૂ કરીને તેની મંજૂરી મેળવવી પડશે. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારીની બહાલી મેળવી નિયત સમયમર્યાદામાં ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર પ્લાન અપલોડ કરવાનો રહેશે. નવી માર્ગદર્શિકા મુજબ ગ્રામ પંચાયત સ્તરે વિકાસ આયોજન માટે વિશેષ પંચાયત આયોજન સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિના અધ્યક્ષ તરીકે ગ્રામ પંચાયતના સરપંચ રહેશે, જ્યારે તલાટી-કમ-મંત્રી સભ્ય સચિવ તરીકે કામગીરી સંભાળશે. સમિતિમાં ગ્રામસેવક, કલેક્ટર-કમ-કોઓર્ડિનેટર તેમજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ગ્રામ પંચાયતના બે સભ્યોનો સમાવેશ કરવામાં આવશે. આ સમિતિ ગામની સ્થાનિક જરૂરિયાતો, પ્રાથમિક સુવિધાઓ અને ભવિષ્યના વિકાસ કાર્યોને ધ્યાનમાં રાખીને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરશે.

# લાઈટનો થાંભલો ઈન્સ્ટોલ કરતી વખતે બેને કરંટ લાગ્યો, એકનું મોત

**સચિન** હોજીવાલામાં હાઈટેન્શન વાયર સાથે સ્ટ્રીટ લાઈટનો થાંભલો અડી ગયો

**સાથે** કામ કરતો અન્ય યુવક દૂર ફંગોળાતા બચી ગયો

સુરતઃ સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઊભો કરતી વખતે હાઈટેન્શન વીજ વાયર સાથે અડી જતાં કરંટ લાગવાથી 26 વર્ષીય શ્રમિક યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે કામ કરી રહેલા સાથી શ્રમિકનો સદનસીબે બચાવ થયો હતો.

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના વતની 26 વર્ષીય પ્રકાશ માન્યાભાઈ બામણીયા હાલ ઉનગામમાં તળાવ પાછળ આવેલી જલકૃપા સોસાયટીમાં એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતો હતો અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પ્રકાશના ત્રણ વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. ગુરુવારે સાંજે પ્રકાશ તેના સાથી કામદાર અમિત (ઉં.વ. 32) સાથે સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના રોડ નં. 9 પર પોરાના કંપનીની સામે રોડ પાસે સ્ટ્રીટ લાઈટનો થાંભલો ઈન્સ્ટોલ કરવા માટે ઊભો કરી રહ્યો હતો. આ દરમિયાન થાંભલો ઉપરથી પસાર થઈ રહેલા હાઈટેન્શન વીજ વાયરને અડી જતાં બંને શ્રમિકોને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. કરંટ લાગતાં અમિત દૂર ફંગોળાઈ ગયો હતો, જ્યારે પ્રકાશ ગંભીર રીતે દાઝી જતાં બેભાન થઈ ગયો હતો. બંનેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે પ્રકાશને મૃત જાહેર કર્યો હતો. અમિતને સારવાર આપ્યા બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. આ બનાવ અંગે સચિન પોલીસે તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### જિયો પ્લેટફોર્મ્સ લાવશે

ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ અનુસાર, આ ભંડોળનો ઉપયોગ મુખ્યત્વે જિયો પ્લેટફોર્મ્સની મુખ્ય સબસિડિયરી 'રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ'ના આશરે રૂ. ૨૭,૫૦૦ કરોડના બાકી દેવાની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી માટે કરવામાં આવશે. બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ફાળવવામાં આવી છે. આ પબ્લિક ઓફરિંગ એવા સમયે આવ્યું છે જ્યારે ભારતનું પ્રાઈમરી માર્કેટ સક્રિય રહ્યું છે, જેમાં રિટેલ રોકાણકારો અને સ્થાનિક સંસ્થાઓની મજબૂત ભાગીદારી જોવા મળી છે. ૧ જુલાઈથી અત્યાર સુધીમાં બે ડઝનથી વધુ IPO ની જાહેરાત કે લોન્ચિંગ કરવામાં આવ્યું છે, જે ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં નોંધાયેલા ૨૮ IPOની સમાન સરખામણી ધરાવે છે. આજે અન્ય છ આઈપીઓને પણ સેબીએ મંજૂરી આપી હતી. જિયો પ્લેટફોર્મ્સ રિલાયન્સના ટેલિકોમ્યુનિકેશન્સ કામગીરી સહિતના ડિજિટલ વ્યવસાયોનું સંચાલન કરે છે. કંપનીના ડેટા અનુસાર, જૂનના અંત સુધીમાં રિલાયન્સ જિયો ઈન્ફોકોમ પાસે ૫૩.૩ કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સ હતા.

### નેપાળમાં બચાવ...

જણાતા જ તાત્કાલિક સુરક્ષિત સ્થળોએ ખસી જવા સૂચના આપવામાં આવી છે.

**૨. વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલ મૃત્યુઆંક અને લાપતા લોકો**

નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર 8 જિલ્લાઓમાંથી 579 મૃતદેહો રિકવર કરાયા છે, જ્યારે હજુ પણ હજારો લોકો લાપતા છેઃ

**ચિતવનઃ** 233
**નવલપરાસી ઈસ્ટઃ** 154
**ગોરખાઃ** 46
**ધાદિંગઃ** 40
**નુવાકોટઃ** 37
**તનાહૂઃ** 30
**નવલપરાસી વેસ્ટઃ** 27
**રાસુવાઃ** 12

**(નોંધઃ તિબ્બત ઓટોનોમસ રીજનના ગિયિરોંગ કાઉન્ટીમાં પણ ચીની સત્તાધીશો મુજબ 5 લોકોના મોત થયા છે).**

**1,924 લોકો લાપતાઃ** બુધવાર સવારથી અત્યાર સુધીમાં 86 સુરક્ષા કર્મચારીઓ, 517 વિદેશી પ્રવાસીઓ અને 127 નેપાળી મુસાફરો સહિત ઓછામાં ઓછા 1,924 લોકો લાપતા છે.

**4,451 લોકોનું રેસ્ક્યૂઃ** આપત્તિગ્રસ્ત વિસ્તારોમાંથી કુલ 4,451 લોકોને ઉગારી લેવાયા છે, જેમાં 85 ભારતીયો સહિત 129 વિદેશી નાગરિકો અને વિવિધ હાઇડ્રોપાવર પ્રોજેક્ટની ટનલોમાં ફસાયેલા 191 લોકોનો સમાવેશ થાય છે.

**ઇજાગ્રસ્તોની સારવારઃ** અત્યાર સુધીમાં બચાવવામાં આવેલા ઇજાગ્રસ્તોમાંથી 101 લોકો કાઠમંડુની વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

**૪. બચાવ કામગીરી અને શવઘરોની સ્થિતિ**

**વિશાળ સૈન્ય બળ તૈનાતઃ** 2,391 નેપાળી આર્મીના જવાનો સહિત કુલ 7,451 સુરક્ષા કર્મચારીઓ સતત ત્રીજા દિવસે બચાવ કામગીરીમાં જોડાયેલા છે. સંપર્કવિહોણા વિસ્તારો સુધી પહોંચવા હેલિકોપ્ટરનો ઉપયોગ થઈ રહ્યો છે.

**પરીક્ષાઓ સ્થગિતઃ** કુદરતી હોનારતની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને નેપાળ સરકારે 29 ઓગસ્ટથી લેવાનારી તમામ પરીક્ષાઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

**મંત્રીઓનો પગાર દાનઃ** વડાપ્રધાન બલેન્દ્ર શાહ અને કેબિનેટ મંત્રીઓએ તેમનો એક મહિનાનો પગાર ડિઝાસ્ટર રિલીફ ફંડમાં આપવાનો નિર્ણય કર્યો છે.

**ડેમ તૂટવાના અહેવાલો પર નેપાળ સરકારની સ્પષ્ટતા**

નેપાળ પોલીસે સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી કે તિબ્બત તરફ આવેલો વોટર ડેમ ફરી તૂટ્યો છે.

બિનેટ બેઠક બાદ સરકારી પ્રવક્તા અને શિક્ષણ મંત્રી સસ્મિતા પોખરેલે સ્પષ્ટતા કરી હતી કે કોઈ ડેમ તૂટ્યો નથી. હિમનદી (Glaciers) ના ટુકડા તૂટી પડવાના કારણે કાદવવાળું પાણી ઓવરફ્લો થયું છે.

નેપાળ સરકારે જણાવ્યું કે તેઓ વિદેશ મંત્રાલય મારફતે ચીની સરકાર સાથે સતત સંપર્કમાં છે અને હાલમાં કોઈ મોટું તાત્કાલિક જોખમ નથી.

### સોનિયા ગાંધીના સંસ્મરણ...

ભારતમાં આ પુસ્તકના પ્રકાશક નથી. આ નિવેદન 'ઈન્ડિયન એક્સપ્રેસ'ના એવા અહેવાલ પછી આવ્યું છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સોનિયા ગાંધીએ હસ્તપ્રતમાં "સંપાદકીય ફેરફારો" કરવાનો ઈનકાર કર્યા બાદ પ્રકાશક આ પુસ્તકમાંથી પાછળ હટી ગયા હતા.

કંપનીએ જણાવ્યું કે, "પેન્ગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા ભારતમાં 'બિલોન્ગિંગ'ના પ્રકાશક નથી. એવો કોઈ પણ સંકેત કે પેન્ગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાએ લેખકે સંપાદકીય ફેરફારો સ્વીકારવાનો ઈનકાર કર્યો હોવાને કારણે પુસ્તક પ્રકાશિત ન કરવાનો નિર્ણય લીધો છે, તે પરિસ્થિતિનું સચોટ ચિત્ર રજૂ કરતું નથી." તેમણે વધુમાં ઉમેર્યું, એક પ્રકાશક તરીકે, સત્યતા ચકાસવી અને લેખકોને તેમના પુસ્તકના શ્રેષ્ઠ હિતમાં હોય તેવી ભલામણો કરવી એ અમારો અધિકાર અને જવાબદારી બંને છે. આ પ્રકાશન પ્રક્રિયાનો એક સામાન્ય ભાગ છે. સંબંધિત ચર્ચાઓ દરમિયાન, પેન્ગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાનું વલણ એ જ રહ્યું હતું કે અમે પુસ્તક પ્રકાશિત કરવા માટે તૈયાર અને ઉત્સુક છીએ.

### એમેઝોન પર બિલોન્ગિંગની ઇ-બુક આવૃતિ ઉપલબ્ધ છે

ભારતમાં આ પુસ્તકના વિતરક અંગેની સ્થિતિ હજુ અસ્પષ્ટ છે, પરંતુ ઇ-કોમર્સ વેબસાઇટ એમેઝોન પર "બિલોન્ગિંગ" ની ઇ-બુક આવૃત્તિ ૨,૬૧૫ રૂપિયામાં પ્રી-ઓર્ડર માટે ઉપલબ્ધ જોવા મળી રહી છે. ઇ-કોમર્સ વેબસાઇટ અનુસાર, આ ઇ-બુક હાર્પરકોલિન્સ યુકેની ઇમ્પ્રિન્ટ વિલિયમ કોલિન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. 'આલ્ફ્રેડ એ નોફ'ની જાહેરાત પછી આ પુસ્તકના ભારતમાં રિલીઝ થવા અંગે ઘણી અટકળો ચાલી રહી છે.

### પેંગ્વિન પર સરકારનું...

પર "મોદી, આરએસએસ અને મોદી શાસન દરમિયાન ચીન દ્વારા ભારતીય વિસ્તાર પર કબજો કરવા સંબંધિત ભાગો દૂર કરવા માટે" દબાણ કરવામાં આવ્યું હતું. પાર્ટીના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે પણ જણાવ્યું હતું કે પ્રકાશક દ્વારા આ આત્મકથા પ્રકાશિત કરવાનો "ઇનકાર" કરવો એ ગંભીર ચિંતાનો વિષય છે. કમલનાથે X પર હિન્દીમાં લખેલી પોસ્ટમાં કહ્યું, "શું પ્રકાશક નક્કી કરશે કે સોનિયા ગાંધી જેવા વરિષ્ઠ નેતા શું લખશે અને શું નહીં? સવાલ એ પણ ઊભો થાય છે કે શું પ્રકાશક આ પોતાની મરજીથી કહી રહ્યા છે કે તેમના પર કોઈનું દબાણ છે?" લોકસભામાં કોંગ્રેસના ઉપનેતા ગૌરવ ગોગોઈએ આ મુદ્દે પેન્ગ્વિન ઈન્ડિયાના નિવેદનને નબળું ગણાવીને ઝાટકણી કાઢી હતી. ગોગોઈએ X પર કહ્યું, "આટલું નબળું નિવેદન. પેન્ગ્વિન ઈન્ડિયા 'એક્ઝામ વોરિયર્સ' અને આરએસએસ પરના પબ્લિકેશન્સ પ્રકાશિત કરવામાં ખૂબ ખુશ છે. કોઈ શંકા નથી કે ભાજપ સરકારમાં એવા લોકો છે જેઓ હવે ભારતના લોકો દ્વારા આ પુસ્તક વંચાય તેનાથી ડરી ગયા છે."

### નેપાળ પૂરમાં...

57.5 ટન રાહત સામગ્રીઃ ભારતે શુક્રવાર સાંજ સુધીમાં ત્રણ સૈન્ય પરિવહન વિમાનો દ્વારા 57.5 ટનથી વધુ ઇમરજન્સી રાહત સાધન-સામગ્રી (જેમાં ટેન્ટ, ખોરાક, દવાઓ, વોટર પ્યુરિફાયર) નેપાળ મોકલી આપી છે.નિષ્ણાતોની ટીમ અને બેઈલી બ્રિજઃ ભારતે 11 સભ્યોની તબીબી ટીમ, ટનલ રેસ્ક્યૂ નિષ્ણાતોની ટીમ તેમજ તૂટેલા રસ્તાઓ પુનઃશરૂ કરવા માટે બેઈલી બ્રિજ (Bailey bridges) મોકલવાની ઓફર કરી છે.

**તમિલનાડુના 21 ભારતીયોને નેપાળી સેનાએ બચાવ્યા**

કાઠમંડુથી દિલ્હી પહોંચેલા તમિલનાડુના 21 ભારતીય નાગરિકોનું એરપોર્ટ પર વિદેશ મંત્રી એસ. જયશંકરે સ્વાગત કર્યું હતું. કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકરે શુક્રવારે જણાવ્યું હતું કે, પાડોશી દેશમાં આવેલા વિનાશક પૂર બાદ કૈલાશ માનસરોવર યાત્રા માટે નેપાળ ગયેલા તમિલનાડુના 21 લોકોના જૂથને નેપાળી સેના દ્વારા બચાવી લેવામાં આવ્યું છે.

### પરીક્ષા સુધારણા...

ઇમેઇલ દ્વારા મોકલી શકાય છે.

**કયા ક્ષેત્રો/મુદ્દાઓ પર સૂચનો મંગાવાયા છે?**

કેન્દ્રીય કાર્મિક મંત્રાલયના જણાવ્યા અનુસાર, નીચે મુજબના મુખ્ય ક્ષેત્રો પર સૂચનો આવકાર્ય છેઃ

**પરીક્ષા સુરક્ષા અને ગડબડ અટકાવવીઃ** પરીક્ષાઓનું સુરક્ષિત સંચાલન, ગેરરીતિઓ અને પેપર લીક જેવી ઘટનાઓની રોકથામ, શોધ અને તેના નિવારણ માટેના કડક ઉપાયો.

**ટેક્નોલોજીનો ઉપયોગઃ** સિક્યોર કોમ્પ્યુટર-બેઝ્ડ ટેસ્ટિંગ (CBT), એડવાન્સ્ડ ટેક્નોલોજીનો ઉપયોગ અને પરીક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો.

### ISI માટે જાસૂસી...

માટે તેમને 30,000 રૂપિયા ચૂકવ્યા હોવાનો આરોપ છે. સ્પેશિયલ સેલને દિલ્હી-NCR માં કાર્યરત આ કથિત નેટવર્ક વિશે માહિતી મળી હતી અને તેના સ્થાનિક સભ્યોની ઓળખ કરતા પહેલાં તેમણે ઈન્ટેલિજન્સ ડેવલપ કરી હતી. પોલીસે જણાવ્યું કે સાહિલની પહેલા ધરપકડ કરવામાં આવી હતી, અને તેના મોબાઈલ ફોનના ફોરેન્સિક એનાલિસિસમાં પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓપરેટિવ્સ સાથેની વાંધાજનક વાતચીત સામે આવી હતી. પોલીસે જણાવ્યું કે સાહિલને દેશના વિવિધ ભાગોમાં છાવણી વિસ્તારોની રેકી કરવા માટે વ્યક્તિઓની ભરતી કરવાનું બીજું કામ પણ સોંપવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમને એવા સેનાના જવાનોની વિગતો પૂરી પાડવા માટે પણ કહેવામાં આવ્યું હતું કે જેમની કોર્ટ-માર્શલની કાર્યવાહી ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ હતી. પોલીસે જણાવ્યું હતું કે સાહિલની પૂછપરછના આધારે બાદમાં સમીરાની ધરપકડ કરવામાં આવી હતી, જેણે કથિત રીતે પાકિસ્તાન સ્થિત ઓપરેટિવ્સને ભારતીય સિમ કાર્ડ મેળવી આપવા અને પૂરા પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી આ કથિત ષડયંત્રમાં ઉપયોગમાં લેવાયેલા બે મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. પોલીસે જણાવ્યું કે ઉપકરણોની ફોરેન્સિક તપાસમાં દંપતી અને તેમના પાકિસ્તાની હેન્ડલર્સ વચ્ચેની ચેટ્સ અને અન્ય વાંધાજનક વાતચીત સામે આવી છે.

### પેંગ્વિન ઇન્ડિયાના...

નરવણેની આત્મકથા (ફેબ્રુઆરી 2026): પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેનું પુસ્તક 'Four Stars of Destiny' સંસદમાં રાહુલ ગાંધીએ દર્શાવ્યા બાદ પેંગ્વિને તેને પ્રિન્ટ ન કર્યું હોવાની જાહેરાત કરી હતી.


હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ



સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા

સ્વ.મુ.શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળાના અવસાનથી સમાજે એક શાંત, સંયમી અને ઉમદા વ્યક્તિત્વ ગુમાવ્યું છે. તેઓ સર્વેનાં આધારસ્તંભ હતા. સૌ પ્રત્યે સન્માન, કરુણા અને શિક્ષણ પ્રત્યેનો તેમનો આદર હંમેશાં સ્મરણમાં રહેશે. આપનું વ્યક્તિત્વ શબ્દોમાં બાંધીએ, તો શબ્દો ઓછા જ પડે.

લિ.
અમિતભાઈ મારફતિયા – ચોઈસ
અશોકભાઈ જીરાવાલા – Pres., SGCCI
નિખિલભાઈ મદ્રાસી – I.P.P., SGCCI
બિજલભાઈ જરીવાલા – ભૂ. પૂ. ઓન. સેક્રેટરી